# ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ

(ગુજરાત સરકારનું જાહેર સાહસ)

કર્મયોગી ભવન, બ્લોક નંબર-૧, બી-૧ વીંગ, ત્રીજો માળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

રાજ્યનાં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સ્વરોજગારી પૂરી પાડવાના હેતુથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા સફાઈ કામદાર અને તેઓના આશ્રિતોને ધિરાણ આપવા માટે નીચેની વિગતે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

**સીધા ધિરાણની યોજના :-**

| ક્રમ | યોજનાનું નામ | અંદાજીત યુનિટ | યુનિટ કોસ્ટ વધુમાં વધુ (રૂ.) | વ્યાજનો દર | ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃદ્ધિ યોજના (MSY) | ૧,૧૫૦ | ૬૦,૦૦૦/- | ૪% | તા. ૧૪/૦૯/૨૦૨૦ થી તા. ૧૪/૧૦/૨૦૨૦ |
| ૨ | માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના (MCF) | ૬૫૦ | ૬૦,૦૦૦/- | ૫% | |
| ૩ | મહિલા અધિકારીતા યોજના (MAY) | ૩૮૦ | ૧,૦૦,૦૦૦/- | ૫% | |
| ૪ | વ્યક્તિગત લોન યોજના (DF) | ૨૭૦ | ૨,૦૦,૦૦૦/- | ૬% | |
| ૫ | ગારબેઝ ડિસ્પોઝલ વ્હીકલ | ૫૦ | ૬,૦૦,૦૦૦/- | | |
| ૬ | પેસેન્જર ઓટોરીક્ષા | ૧૦૦ | ૨,૦૦,૦૦૦/- | | |
| ૭ | ડેરી યુનિટ (પશુપાલન) | ૧૦૦ | ૧,૦૦,૦૦૦/- | | |
| ૮ | જીપ-ટેક્ષી | ૫૦ | ૮,૦૦,૦૦૦/- | | |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ યોજના માટેની ૧૦૦% લોનની રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આ યોજનાઓમાં પૂજ્ય ઠક્કરબાપા પુન: સ્થાપન યોજના હેઠળ રાજ્ય સરકાર તરફથી યુનિટ કોસ્ટની મર્યાદામાં રહીને ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦/- અને વધુમાં વધુ રૂ. ૭૫,૦૦૦/- સુધી સબસીડી મળવાપાત્ર થાય છે.

શરતો:-

(૧) મુળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા સફાઈ કામદાર કે તેમના આશ્રિત હોય તેવી વ્યક્તિઓ આ લોન મેળવવા પાત્ર થાય છે.

(૨) અરજદાર સફાઈ કામદાર કે તેમના આશ્રિતની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(૩) અરજદારે કે તેમનાં કુટુંબના સભ્યએ આ નિગમની સરકારશ્રીની કોઈપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો આ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.

(૪) નિયત સંખ્યા કરતાં વધારે અરજીઓ મળેલ હશે તેવાં કિસ્સામાં લાભાર્થીની પસંદગી ડ્રો પદ્ધતિથી કરવામાં આવશે અને બી. પી. એલ/ વિધવા / ત્યક્તા / વિકલાંગ / આવક-મર્યાદા ધ્યાને લઈ અગ્રિમતા આપવામાં આવશે.

(૫) વાહન માટે અરજી કરનાર જાહેરાતની તારીખે વાહન ચલાવવાનું લાયસન્સ ધરાવતાં હોવા જોઈએ.

(૬) લોન મેળવ્યા બાદ લાભાર્થીએ નિગમ દ્વારા નિયત કરેલ સમય-મર્યાદામાં વસુલાતની રકમ ભરેલ હશે તેવા જ લાભાર્થીઓને નિયમોનુસાર સબસીડી મળવાપાત્ર થશે.

ઉપર મુજબની પાત્રતા ધરાવતી વ્યક્તિઓ આ નિગમની યોજનાઓનો લાભ લેવા માટે તા. ૧૪/૦૯/૨૦૨૦ થી તા.૧૪/૧૦/૨૦૨૦ સુધી નિગમની વેબસાઈટ https://sje.gujarat.gov.in/gskvn પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. અરજદાર સંબંધિત ગ્રામ પંચાયતો ખાતે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના હેઠળ રાખવામાં આવેલ કોમ્પ્યુટર સેન્ટર ખાતે પણ ઓનલાઈન અરજી કરાવી શકશે.

આર.બી.ખેર

મેનેજીંગ ડિરેક્ટર

માહિતી /૮૬૮/૨૦૨૦-૨૧ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર